"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૦૬/૧૦/૨૦૧૭
સુરત

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**હળપતિ સમાજના ખેતમજુર બ્રેનડેડ પુનીયાભાઈ બુધિયાભાઈ રાઠોડ ના પરિવારે કિડની અને લિવરનું દાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.**

નામ: પુનીયાભાઈ બુધિયાભાઈ રાઠોડ ઉ. વ.૭૦ બ્લડ ગ્રુપ: B +ve
ખેત મજુર
રહેવાસી: નહેર ફળીયું, ગામ: રૂંધવાડા, તા: કામરેજ, જી: સુરત.

કૌટુંબિક વિગત : પત્ની: ગંગાબેન પુનીયાભાઈ રાઠોડ ઉ.વ.૬૫
પુત્ર: ૧) હેમંતભાઈ પુનીયાભાઈ રાઠોડ ઉ.વ. ૩૫ ખેત મજુર
પુત્રીઓ: ૧) દક્ષાબેન પુનીયાભાઈ રાઠોડ ઉ. વ. ૩૮
૨) સુમીત્રાબેન પુનીયાભાઈ રાઠોડ ઉ. વ. ૩૦

**બનાવની વિગત:**

મંગળવાર, તા: ૦૩ ઓક્ટોબરનાં રોજ પુનિયાભાઈ સાંજના ૭:૩૦ કલાકે કામ અર્થે બહાર ગયા હતા, ત્યાં નગોર ગામ નજીક રોડ ક્રોસ કરતા હતા ત્યારે સામેથી આવતા બાઈકે ટક્કર મારતા તેઓ પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. પરિવારજનોએ તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પીટલમાં દાખલ કરી ત્યાં પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પીટલમાં સર્જરી વિભાગના વડા ડૉ.નિમેશ વર્મા ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

૨....

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ગુરુવાર તા:૫ ઓકટોબરના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ પુનિયાભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પુનિયાભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. નિલેશ કાછડીયા સાથે રહી પુનિયાભાઈના પુત્ર હેમંત, ભત્રીજા મુકેશ, જમાઈ રવિ તેમજ અન્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પુનિયાભાઈના પુત્ર હેમંત અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે આમારા પિતાશ્રી બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે, તેમના અંગોના દાન થકી કોઈક વ્યક્તિને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી સંદીપ કાન્તિલાલ શાહ ઉ.વ. ૫૧માં અને બીજી કિડની સુરતના રહેવાસી દિનેશભાઈ ભીખાભાઈ વાલાણી ઉ. વ. ૫૦ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લિવર વાપીના રહેવાસી વિમલભાઈ પ્રભુદાસ પંચાલ ઉ. વ. ૪૪ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં પુનિયાભાઈના પુત્ર હેમંત, પત્ની ગંગાબેન, ભત્રીજા મુકેશભાઈ, જમાઈ રવિ, દીકરીઓ દક્ષાબેન અને સુમીત્રા, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, નવી

3....

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના વડા ડૉ.નિમેશ વર્મા, ડૉ.નીલેશ કાછડિયા, સર્જિકલ ICU ના રેસીડેન્ટ ડૉ.કૌશિક ચૌધરી, ડૉ. અંકિત, સુરત નવી સિવિલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી યોગેશ પ્રજાપતિ અને જીતુ મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા **૨૨૬ કિડની, ૯૦ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૮૮ ચક્ષુઓનો દાન મેળવીને ૫૨૩ વ્યક્તિઓને** નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
| --- | --- | --- | --- |
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |